દિવ્ય ભાસ્કર, તા. ૨૪-૦૮-૨૦૨૩, પાના નં.-II

### મેટ્રો રેલના ફેઝ 3 માટે ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ

# હવે મેટ્રોને ડ્રીમસિટીથી એરપોર્ટ, સરથાણાથી અંત્રોલી બુલેટ ટ્રેનના સ્ટેશન સુધી લંબાવાશે

## સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ 4થી 100 મીટરમાં જ મેટ્રો-બસ ડેપો જઈ શકાશે

ઇન્ફ્રા રિપોર્ટર | સુરત

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કોરિડોર 1 ડ્રીમ સિટીથી સરથાણાનું વિસ્તૃતિકરણ કરવાનું આયોજન થઈ રહ્યું છે. જેમાં ડ્રીમ સિટીથી સુરત એરપોર્ટ સુધી અને સરથાણાથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન સુધીને મેટ્રોના રૂટ લંબાવવામાં આવશે, આ માટેના ડીપીઆર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેનાથી સુરત એરપોર્ટ અને બુલેટ ટ્રેન સ્ટેશન સુધીની કનેક્ટિવિટી મળી રહેશે. એટલું જ નહીં સુરત રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 4થી માત્ર 100 મીટરમાં જ મેટ્રોના રૂટ અને સેન્ટ્રલ બસ ડેપો સુધી પહોંચવા સુધીની કનેક્ટિવિટી મળી રહે તે પ્રકારનું આયોજન કરાયું છે. બુધવારે સ્થાયી સમિતિ ચેરમેન પરેશ પટેલે મેટ્રોના અધિકારીઓ સાથે સુરત રેલવે સ્ટેશન ખાતે વિઝિટ કરીને મેટ્રો રેલની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. એટલું જ નહીં સીટી બસ અને બીઆરટીએસની જેમ મેટ્રો અને બુલેટ ટ્રેનમાં સિંગલ ટિકિટથી શહેરીજનો મુસાફરી કરી શકે તે પ્રકારનું આયોજન કરાયું છે.

### ગ્રાઉન્ડથી 43 મીટર ઊંડાઈમાં દેશનું પહેલું સ્ટેશન

મસ્કતી પાસે રોડ સાંકડો હોવાથી અંડરગ્રાઉન્ડ સ્ટેશનના 2 પ્લેટફોર્મ એક બીજા પર સ્ટેક થયેલા છે. જેથી મેટ્રો સ્ટેશનના ફાઉન્ડેશનની કુલ ઊંડાઈ ગ્રાઉન્ડથી 43 મીટર નીચે તેમજ અન્ડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનના લોએસ્ટ લેવલની ઊંડાઈ 38 મીટર હશે. દેશમાં 43 મીટર ઉંડાઈમાં મેટ્રોનું આ પહેલું સ્ટેશન બનશે એવો પાલિકાએ દાવો કર્યો છે.

### ડિસેમ્બર 2024 સુધીમાં પહેલો ફેઝ બની જશે

અંડરગ્રાઉન્ડ રૂટના કુલ 2 પેકેજ પૈકી કાપોદ્રાથી સુરત સ્ટેશન સુધી અત્યાર સુધીમાં કુલ 39.62% કામગીરી પૂર્ણ થઈ છે તેમજ સ્ટેશનથી ચોક સુધીના રૂટની 25.64% કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. અંડરગ્રાઉન્ડનો કુલ 6.5 કિ.મીનો રૂટ છે. જેમાં કાપોદ્રાથી સ્ટેશન સુધીના પ્રથમ પેકેજમાં 3.5 કિ.મી પૈકીના રૂટમાં અપમાં 1 કિ.મી અને ડાઉનમાં 700 મીટર રૂટની ટનલ બની ગઈ છે. જ્યારે સ્ટેશનથી ચોક સુધીના 3 કિમીના અંડરગ્રાઉન્ડ રૂટમાં 100 મીટર, 50 મીટરની ટનલ બની છે. ડિસેમ્બર 2024 સુધીમાં એક ફેઝ બની જશે.